# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### આર્થિક જાહોજલાલી ધરાવતી પેટલાદ એપીએમસીની આર્થિક સ્થિતી દિન પ્રતિદીન કથળી રહી છે

# પેટલાદ APMCના કર્મીઓ 7 માસથી પગારથી વંચિત

**પેટલાદ APMCની** તિજોરી તળીયા ઝાટક થતાં કર્મચારીઓના પગાર કરવાના ફાંફાં પડ્યાં



તસવીર: વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.10

પેટલાદની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ઉપર આર્થિક સંકટ તોળાઈ રહ્યું છે. આ સહકારી સંસ્થામાં આવકના સ્ત્રોત નહિવત્ થઈ ગયેલ છે. જેને કારણે એપીએમસીમાં ફરજ બજાવતા કર્મચારીઓને છેલ્લા સાત મહિનાથી પગાર નથી મળ્યો. હાલની કારમી મોંઘવારીમાં કર્મચારીઓને ગુજરાન ચલાવવું પણ અસહ્ય થઈ ગયું હોવાનું જાણવા મળે છે. થોડા વર્ષો અગાઉ જીલ્લામાં આર્થિક જાહોજલાલી ધરાવતી પેટલાદ એપીએમસીની આર્થિક સ્થિતી દિન પ્રતિદીન કથળી રહી છે.

પેટલાદ એપીએમસીમાં ધીમે ધીમે આર્થિક સ્થિતિ કથળી રહી છે. સરકારના નવા પરિપત્રને કારણે લાયસન્સ પ્રથા બંધ કરવામાં આવી છે અને શેષ ઉઘરાવવા ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. જેને કારણે પેટલાદ બજાર સમિતી માટે હાલ કર્મચારીઓના પગાર કરવાના પણ ફાંફાં છે. કરોડોનો વહીવટ કરતી આ સંસ્થાની તિજોરી તળીયા ઝાટક થઈ ગઈ હોવાનું જાણવા મળે છે. આમ છતાં સંસ્થાના હોદ્દેદારોના પેટનું પાણી પણ હાલતું ન હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન બની છે.

પેટલાદની બજાર સમિતીને દર મહિને ભાડાની આવક માત્ર એકાદ લાખ રૂપિયાની છે. પરંતુ આ આવકમાંથી લાઈટબીલ, સફાઈ, સિક્યોરિટી વગેરે પાછળ ખર્ચ થઈ જાય છે. સંસ્થામાં લગભગ 7 જેટલા કાયમી અને અન્ય હંગામી કર્મચારીઓ છે. જેઓને સરકારની જોગવાઈઓ મુજબ દર મહિને લગભગ ત્રણેક લાખ રૂપિયા પગાર ચુકવવા પાત્ર થાય છે. પરંતુ આ બજાર સમિતીની તિજોરી તળીયા ઝાટક થઈ ગઈ હોવાથી ગત ઓક્ટોબર 2023થી પગાર થયો ન્હોતો. એટલે કે છેલ્લા આઠ મહિનાથી કર્મચારીઓ પગારથી વંચિત છે. ઉલ્લેખનીય છે કે આઠ મહિનાના બાકી પગાર સામે માત્ર એક મહિનાનો પગાર 23મી એપ્રિલ 2024ના રોજ ઓક્ટોબર 2023નો પગાર કર્યો હોવાનું સેક્રેટરી ભદ્રેશ પટેલે જણાવ્યું હતું. આ બાકી પગાર માટે કર્મચારી યુનિયન દ્વારા સરકારમાં લેખીત રજૂઆત કરી છે. પરંતુ હજી સુધી કોઈ જવાબ મળ્યો નથી. હાલ સંસ્થા પાસે ભાડા સિવાય બીજી કોઈ જ આવક કે કામ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ બજાર સમિતી જ્યારે આર્થિક સદ્ધરતા સાથે ધમધમતી હતી ત્યારે સહકારી આગેવાનોના આંખો દિવસ ધામા જોવા મળતા હતા. પરંતુ આ સંસ્થાની તિજોરી તળીયા ઝાટક થઈ જતાં કોઈ ડોકાતું પણ નહીં હોવાનું જાણવા મળે છે.

### પેટલાદ બજાર સમિતીમાં માર્કેટયાર્ડ અને ગોડાઉનો શોભાના ગાંઠીયા સમાન

આણંદ જીલ્લામાં આઠ ખેતીવાડી બજાર સમિતી છે. જે પૈકી આણંદ બજાર સમિતીમાં શાકભાજીનો વેપાર મોટો છે એટલે ત્યાં આવકના સ્ત્રોત છે. જ્યારે ખંભાત અને તારાપુર બજાર સમિતીમાં માર્કેટયાર્ડ ધમધમતા છે. આ બંન્ને માર્કેટમાં ખેડૂતો દ્વારા અનાજ, કઠોળ વગેરેનો વેપાર કરવા આવતા હોય છે. જેને લીધે બજાર સમિતીને આવક મળી રહે છે. અન્ય પૈકી પેટલાદ બજાર સમિતીમાં માર્કેટયાર્ડ અને ગોડાઉનો શોભાના ગાંઠીયા સમાન છે. કારણકે અહીંયા માર્કેટયાર્ડ સદંતર બંધ છે. પેટલાદ બજાર સમિતી માત્ર દુકાનોના ભાડા ઉપર જ નિર્ભર છે. અત્રે ઉલ્લેખનીય છે કે 63 વર્ષથી કાર્યરત આ બજાર સમિતી દ્વારા ભવિષ્યના લાંબા ગાળાની આવકના સ્ત્રોતો અંગે કોઈ જ આયોજન કર્યું નહીં હોવાનું જાણવા મળે છે.



### રાજ્ય સરકારે વર્ષ 2020માં કરેલા પરિપત્રની અસર પડી

રાજ્ય સરકારે વર્ષ 2020માં એક પરિપત્ર બહાર કર્યો હતો. જેમાં ઉલ્લેખ હતો કે રાજ્યની તમામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી દ્વારા આપવામાં આવતા લાયસન્સ પ્રથા તથા ઉઘરાવવામાં આવતી શેષ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે. આ બે કાયદાને કારણે પેટલાદ બજાર સમિતીની આવક સદંતર બંધ થઈ જવા પામી હતી. જ્યાં સુધી આ સંસ્થા પાસે એકત્ર કરેલ ભંડોળ હતું ત્યાં સુધી પગાર સહિતના ખર્ચાને પહોંચી વળતા હતા. પરંતુ તે ભંડોળ ખાલી થઈ જતાં હવે છેલ્લા સાતેક મહિનાથી તો પગાર કરવાના પણ ફાંફાં પડી રહ્યા છે.

### તોતીંગ શોપિંગ સેન્ટરના દુકાનોના ભાડા ઉંડા રાખતાં ખાલીખમ

પેટલાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી દ્વારા વર્ષ 1994માં કોલેજ ચોકડી સ્થિત મોરારજી ભવન શોપિંગ સેન્ટર બનાવ્યું હતું. જ્યાં લગભગ 90 જેટલી દુકાનો બનાવવામાં આવી હતી. ત્યાર પછી વર્ષ 2012થી 2014ના સમય દરમ્યાન આ જ મોરારજી ભવન ખાતે પ્રથમ માળે વિશાળ દુકાનો બનાવવામાં આવી હતી. આ ઉપરાંત શાકમાર્કેટનું નવિનીકરણ કરી ત્યાં બહારની બાજુ પ્રથમ માળે આશરે 20થી વધુ દુકાનો બનાવવામાં આવી હતી. પરંતુ આ બંન્ને સ્થળોની તોતીંગ દુકાનો ખાલીખમ છે. આ દુકાનોની ડિપોઝીટ ખૂબ જ વધુ હોવાને કારણે કોઈ લેવા તૈયાર નહીં હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે. આ ઉપરાંત હવે સંસ્થાના આગેવાનોને આવકના સ્ત્રોત વધારવાની કે કર્મચારીઓના પગારનું આયોજન કરવાની પણ કોઈ ચિંતા નહીં હોવાનો છુપો ગણગણાટ સહકારી ક્ષેત્રમાં ચર્ચાસ્પદ બનવા પામ્યો છે.

# ખંભાતમાં દિવાલ બનાવવા મુદ્દે 11 વિધર્મીએ પરિવાર પર હુમલો કર્યો

**કાંટાની વાડ** સળગાવી, પાકી દિવાલ પાડી મારી નાંખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) ખંભાત તા.10

ખંભાતના મકાઈ દરવાજા રાહદારી રોડ પર રહેતું પરિવાર ઘર આસપાસ દિવાલ બનાવી રહ્યું હતું, તે સમયે નજીકમાં રહેતા વિધર્મીઓએ વિરોધ કરી હુમલો કર્યો હતો. આ વિધર્મીઓએ દિવાલ તોડી પાડી, કાંડાની વાડ સળગાવી ધમકી આપી હતી. આ અંગે ખંભાત ગ્રામ્ય પોલીસે 11 શખ્સ સામે ગુનો નોંધ્યો હતો.

ખંભાતના મકાઈ દરવાજા વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવીંગનો વ્યવસાય કરતાં મનોજ ભીખાભાઈ સોલંકી સરકારી જમીનમાં છાપરૂ બનાવીને રહે છે. દરમિયાનમાં 9મી જૂન,24ના રોજ સવારના દસેક વાગ્યાના સુમારે મનોજ તથા પરિવારના સભ્યો ખુલ્લી સરકારી જગ્યામાં બનાવેલા છાપરાની રેતી, સિમેન્ટ તથા ઈંટોની પાકી દિવાલ બનાવતા હતા. આ ઉપરાંત છાપરાનું રીપેરીંગ કામ કરાવતા હતા. તે વખતે પાછળ આવેલા ફુર્જા મહોલ્લામાં રહેતો અબ્દુલસત્તાર અબ્દુલમજીદ મીરસવાલા, આસીક ગુલામહુસેન શેખ, સદામહુસેન મહંમદહુસેન શેખ, મહંમદગુલામ હુસેન શુખ, સારીક અબ્બાસ સૈયદ, જુનેદ મહંમદહુસેન શેખ, અરબાસ મહંમદહુસેન શેખ, ફેઝાન રજાહુસેન મિર્ઝા, રફીક ખાલીદ શેખ, ઈરફાન ખાલીદ શેખ, પરવેજ સૈયદ ભેગા થઈ ધસી આવ્યાં હતાં. આ શખ્સોએ આ જમીન અમારી છે અને અહીંયા તમે બાંધકામ કરશો નહીં અને તમારે અહીંયા રહેવાનું પણ નથી. નહીંતર જાનથી મારી નાંખીશું. તેવી ધમકી આપી હતી. બાદમાં ઝઘડો કર્યો હતો. આ ઝઘડામાં વિધર્મીઓએ ઉશ્કેરાઈને પથ્થર મારો કર્યો હતો. આ ઉપરાંત લાકડાનો દંડાથી પણ હુમલો કર્યો હતો. જ્યારે કેટલાક શખ્સે કાંટાની વાડ કરેલી હતી, તે વાડ પણ સળગાવી નાંખી હતી. આ ઉપરાંત પાકી દિવાલ પાડી નુકશાન કર્યું હતું. આ અંગે ખંભાત શહેર પોલીસે અબ્દુલસત્તાર, આસીક, સદામહુસેન, મહંમદગુલામ, સારીક, જુનેદ, અરબાસ, ફેજાન, રફીક, ઈરફાન, પરવેઝ સામે ગુનો નોંધી ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યાં છે.

### મહીસા ગામમાંથી બાઈક ચોરાયું

(પ્રતિનિધિ) મહુધા તા.10

મહુધા તાલુકાના મહીસા ગામમાંથી બાઈક ચોરીનો બનાવ બન્યો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહુધાના મહીસા ગામમાં રહેતા અશ્વીનકુમાર લાલજીભાઈ પરમારે પોતાનુ બાઈક તેના મિત્ર ઈમ્તીયાજહુસેન ઉર્ફે અલ્લારખા હબીબમીયા ચૌહાણ (રહે. મહીસા)ને ફેરવવા માટે આપ્યું હતું. દરમિયાનમાં 31મી મે,24ના રોજ ઈમ્તીયાજે બાઈક કસ્બા વિસ્તારમાં આરસીસી રોડની સાઈડમાં પાર્ક કર્યું હતું. જે રાત્રિના સુમારે કોઈ શખ્સ ચોરી કરી ભાગી ગયો હતો. આ અંગે તપાસ કરવા છતાં કોઈ અત્તો પત્તો મળ્યો નહતો. આખરે આ અંગે મહુધા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ચિખોદરા - સિલવાઇમાં રોગચાળાના પગલે ડીડીઓ આંકરા પાણીએ

# ચિખોદરા અને સિલવાઈના તલાટી કમ મંત્રી બદલી કરાઈ

**રોગચાળા નિયંત્રણ** માટેના અટકાયતી પગલાં ભરવામાં નિષ્કાળજી દાખવવા બદલ ડીડીઓએ ઓર્ડર કર્યો



(પ્રતિનિધિ) આણંદ તા.10

આણંદના ચિખોદરા અને પેટલાદના સિલવાઈ ગામમાં ઝાડા - ઉલટીના કેસના પગલે જિલ્લા વિકાસ અધિકારીએ કડક પગલાં ભર્યાં હતાં. આ સંદર્ભે ચિખોદરા ગામના તલાટી કમ મંત્રી અને સિલવઈ ગ્રામ પંચાયતના વહીવટદારની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી હતી.

પેટલાદ તાલુકાના સિલવાઈ ગામ ખાતે ઝાડા - ઉલટીના કેસ મળી આવ્યા હતા અને એક કેસ કોલેરાનો પોઝિટિવ મળી આવ્યો હતો. જેથી સિલવઈ ગામ અને તેની આજુબાજુના બે કિલોમીટર વિસ્તારના ગામોને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આણંદ પાસેના ચિખોદરા ગામ ખાતે પણ ઝાડા - ઉલટીના કેસો મળી આવતા જિલ્લા વિકાસ અધિકારી મિલિંદ બાપનાની સૂચના મુજબ આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક આરોગ્ય વિભાગની ટીમો બનાવીને દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.

આણંદ જિલ્લા વિકાસ અધિકારી મિલિંદ બાપનાએ પેટલાદ તાલુકાનું સિલવઈ ગામ અને આણંદ પાસેના ચિખોદરા ગામ ખાતે ઝાડા ઉલટીના કેસ મળી આવતા આ ગામોની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ બંને ગ્રામ પંચાયતો ખાતે એપેડેમિક એટલે કે રોગચાળો ફાટી નીકળે તેવા દૂષિત પાણી, ગામ ખાતે સ્વચ્છતા નો અભાવ જોવા મળતા, રોગચાળા નિયંત્રણ માટેના અટકાયતી પગલાં ભરવામાં નિષ્કાળજી અને બેદરકારી દાખાવવા બદલ ગ્રામ પંચાયત ચીખોદરાના તલાટી કમ મંત્રી આર.પી. ભોઈની ખંભાત તાલુકાના ગોલાણા ગામ ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે મહેળાવ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અને ગ્રામ પંચાયત સિલવઈ ખાતે વહીવટદાર તરીકે ફરજ બજાવતા ઈન્દિરાબેન બી. બારોટની તારાપુર તાલુકાના ખડા ગામ ખાતે તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી હોવાનું જિલ્લા વિકાસ અધિકારીએએ જણાવ્યું હતું.

### આણંદ ખાતે સારવાર લઈ રહેલા દર્દીઓની ડીડીઓએ ખબર-અંતર પૂછ્યાં



આણંદ પાસેના ચિખોદરા-ધડસાપુરા વિસ્તારમાં ઝાડા-ઉલ્ટીના કેસો મળી આવતા અસરગ્રસ્ત સ્થળોની તેમજ ઝાડા-ઉલ્ટીની સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ, આણંદમાં દાખલ કરાયેલા દર્દીઓની જિલ્લા વિકાસ અધિકારી મિલિંદ બાપના એ મુલાકાત લઈ ખબર અંતર પૂછ્યાં હતાં. આ મુલાકાત દરમિયાન ચિખોદરા-ધડસાપુરાના અસરગ્રસ્ત વિસ્તારની સ્થિતિને ધ્યાને લઈ જિલ્લા વિકાસ અધિકારી મિલિન્દ બાપનાએ ફરજ પર હાજર તમામ આરોગ્ય કર્મીઓ, સરપંચ, તલાટી, વિસ્તરણ અધિકારીને ગ્રામ પંચાયત ઓફિસ ખાતે મીટીંગ કરી ઝાડા-ઉલ્ટીના કેસો અંગે ચર્ચા કરી વિસ્તૃત જાણકારી મેળવી હતી. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલ, આણંદ ખાતે સારવાર લઈ રહેલા દર્દીઓની રૂબરુ મુલાકાત લીધી હતી.

### અમદાવાદથી આવેલા ગ્રુપે કિંમતી ચીજ વસ્તુ કારમાં મુકી હતી

# ગળતેશ્વર ન્હાવા આવેલા પર્યટકોના મોબાઈલ, રોકડ કારમાંથી ચોરાયાં

**બે કારના કાચ તોડી** તેમાંથી 1.09 લાખનો મુદ્દામાલ ચોરી થયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.10

ગળતેશ્વરમાં મહી નદીના પટમાં પાર્ક કરેલી બે કારમાંથી મોબાઈલ, રોકડ રૂપિયા સહિતની કિંમતી ચીજવસ્તુઓની ચોરી થવાનો બનાવ બન્યો હતો.

અમદાવાદના કૃષ્ણનગર ખાતે રહેતા જયેશભાઈ રામાભાઈ પટેલ પોતાના પરિવારના સભ્યો અને અન્ય સગા સંબંધીઓ સાથે ઈકો કારમાં બેસી ગળતેશ્વર ખાતે આવ્યા હતા. મહી નદીના પટના પાર્કિંગમા કાર પાર્ક કરી કારને લોક કરી આ તમામ લોકો મહી નદીમાં ન્હાવા ગયા હતા. દરમિયાન બપોરના સુમારે જયેશભાઈ અને અન્ય પરીજનો ઉપરોક્ત ઠેકાણે પાર્ક કરેલી કાર પાસે પહોંચતા કારનો ડ્રાઈવર સાઈડનો દરવાજો ખુલ્લો હતો. કોઈ અજાણ્યા ઈસમે કાચ તોડી કારમાં મુકેલ મોબાઈલ ફોન, રોકડ રૂપિયા સહિત ડોક્યુમેન્ટ લઈ ફરાર થઈ ગયા હતા.

આ બાબતે જયેશભાઈએ આસપાસ તપાસ કરતા હતા ત્યાં તેમની કારને અડીને આવેલી અન્ય કારમાં પણ ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું. આ ગાડીનો ડ્રાઈવર સાઈડ પાછળના ભાગે કાચ તોડી ચોરી કરી હોવાનું ધ્યાને આવ્યું હતું. તેમાં પણ રોકડ રૂપિયા અને મહિલાના મંગળસુત્ર, બુટ્ટી જેવા દાગીના હતા તે તમામની ચોરી કરી તસ્કરો પલાયન થયા હોવાની વિગતો જાણવા મળી હતી. આમ બંને કારમાથી તસ્કરોએ કુલ રૂપિયા 1 લાખ 9 હજાર 500ના મુદ્દામાલની ચોરી કરી હતી. આ બનાવ મામલે જયેશભાઈ પટેલે સેવાલીયા પોલીસમાં ફરિયાદ આપતા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તારાપુર નજીક કાર ટક્કરે વૃદ્ધાનું કમકમાટીભર્યું મોત

**જાફરગંજ નજીક** કારે બાઈક સવાર વૃદ્ધાને ટક્કર મારી

(પ્રતિનિધિ) તારાપુર તા.10

તારાપુર તાલુકાના જાફરગંજ પાસે પુરપાટ ઝડપે જતી કારે બાઈકને ટક્કર મારી હતી. જેના કારણે તેના પર સવાર વૃદ્ધાનું મોત નિપજ્યું હતું.

બાવળા તાલુકાના મટોળા ગામમાં રહેતા રજત ભુપેન્દ્રભાઈ પ્રજાપતિ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેઓ 9મી જૂનના રોજ સવારના 10 વાગે બાઈક પર તેમના દાદી સવિતાબહેનને લઈ તેમના કુળદેવી માતાના મંદિરે દર્શન કરવા જવા માટે નિકળ્યાં હતાં. તેઓ જાફરગંજવાળા રસ્તા પરથી પસાર થતાં હતાં તે સમયે પુરપઝડપે ઈક્કો કાર સામેથી ધસી આવી રહી હતી. આથી, રજતે તુરંત બાઈક ધીમુ કરી સાઈડ પર ઉભુ રાખી દીધું હતું. આમ છતાં કાર ચાલકની બેદરકારીના કારણે બાઈકના પાછળના ભાગે ટક્કર વાગી હતી. જેના કારણે બાઈક પર સવાર રજતના દાદી સવિતાબહેન પછડાયાં હતા અને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. આથી, તેમને તાત્કાલિક સારવાર માટે કરમસદ શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે ખસેડ્યાં હતાં. જ્યાં તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે રજત પ્રજાપતિએ તારાપુર પોલીસ મથકે કાર નં.જીજે 38 બી 1715ના ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

# આણંદમાં અક્ષરફાર્મ ખાતે પ્રમુખ વર્ણી દિનની ભવ્ય ઉજવણી કરાઇ

**ત્રિ-દિવસીય** યોગીપર્વની પૂર્ણાહૂતિ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.10

આણંદ શહેરના અક્ષરફાર્મ ખાતે ત્રિ-દિવસીય યોગીપર્વની પૂર્ણાહૂતિ પ્રસંગે યોગાનુયોગ 74મા પ્રમુખ વર્ણી દિનની ભક્તિસભર ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ કહેતા ‘પ્રમુખ સ્વામી મારુ સર્વસ્વ છે’ અનંત ગુણોના ધારક નારાયણસ્વરૂપ દાસજીને બીએપીએસ સંસ્થાના આર્ધ્યસ્થાપક બ્રહ્મ સ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સને 1950માં બીએપીએસ સંસ્થાના પ્રમુખ બનાવ્યા હતા. એ પ્રમુખ વર્ણી દિનની ભક્તિસભર ઉજવણીના દિને સંસ્થાના સદગુરુ સંત પૂજ્ય ત્યાગ વલ્લભ સ્વામીના દર્શન - આશીર્વાદ પ્રાપ્ત કરવાનો અવસર મળ્યો હતો.

આણંદમાં પ્રમુખ વર્ણી દિનના કાર્યક્રમમાં બ્રહ્મ સ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજની સાધુતા, તેમનું નિરાળું નેતૃત્વ અને તેમનાં વિશ્વવ્યાપી કાર્યને વર્ણવતા પ્રસંગો સહ ગુણાનુવાદ પૂજ્ય રંગ સ્વામીએ રજૂ કર્યા હતા. સદગુરુ સંત ત્યાગવલ્લભ સ્વામીએ પ્રસંગને અનુરૂપ આશીર્વાદ આપતા જણાવ્યું ‘બ્રહ્મ સ્વરૂપ યોગીજી મહારાજે બાળ મંડળ, યુવક મંડળ, રવીસભા શરૂ કરી અને શિક્ષિત નવ યુવાનોને દીક્ષા આપી આ સત્સંગને વધાર્યો છે. માટે સત્સંગ સભામાં જવું અને કથાવાર્તા સંભળાવી હતી.’

સદગુરુ સંત પૂજ્ય ત્યાગવલ્લાભ સ્વામીના સાનિધ્યમાં આજે આણંદ વિદ્યાનગરના અગ્રેસર કાર્યકરોને નવાજવામાં આવ્યા હતા. મહિલા વિભાગમાં પણ મહિલા અગ્રેસર કાર્યકરોનું અભિવાદન પણ કરવામાં આવ્યું હતું.સૌને સ્મૃતિભેટ તેમજ સ્વામીશ્રીના પ્રાસાદિક અણીશુદ્ધ ચોખા આપવામાં આવ્યા હતા. કોઠારી પૂજ્ય યજ્ઞસેતુ સ્વામીના માર્ગદર્શન હેઠળ સંતો, કાર્યકરો અને સ્વયંસેવકોએ આ પ્રસંગે નોંધપાત્ર સેવા કરી હતી. આજે પૂર્ણાહૂતિ દિવસે મોટી સંખ્યામાં હરિભક્તોએ કથા અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.




ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વહેલી સવારે આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઈઝ**
કિશોર પ્લાઝા, આણંદ.
સંપર્ક : 9824545365

**નડિયાદ**
**ઈશાન ન્યૂઝ પેપર એજન્સી**
સાગર ભુવન, ભારત બેકરી સામે, ડભાણ ભાગોળ,
સંપર્ક : 9924487199